Extra No. 363

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVI] **FRIDAY, OCTOBER 10, 2025 / ASVINA 18, 1947**

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

// વંચાણે લીધું //

(૧) ગૃહ વિભાગ, ગુજરાત સરકાર, ગાંધીનગરના પરિપત્ર ક્રમાંક: વિ.૨/ઈએસએ/ ૧૩/૨૦૧૫/જીઓઆઈ-૧૧૨, તા. ૦૩/૧૧/૨૦૧૮

(૨) ગૃહ વિભાગ, ગુજરાત સરકાર, ગાંધીનગરના પરિપત્ર ક્રમાંક: HD/MIS/e-file/8/2025/0778/SB2, તા.૧૭/૦૯/૨૦૨૫

(૩) અત્રેની કચેરીના હુકમ ક્રમાંક: એમએજી/વશી/૯૬૦૨-૨૫/૨૦૨૪, તા.૧૯/૦૭/૨૦૨૪

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા - ૨૦૨૩ ની કલમ - ૧૬૩ હેઠળ બહાર પાડેલ

ક્રમાંક: એમએજી/જાહેરનામું/વશી/ ૧૨૦૫૨-૮૬ /૨૦૨૫.-નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા રીટ પીટીશન (સીવીલ) નંબર ૭૨૮/૨૦૧૫ માં તા.૨૩/૧૦/૨૦૧૮, ૩૦/૧૦/૨૦૧૮ તથા તા.૩૧/૧૦/૨૦૧૮ ના રોજ થયેલ આદેશમાં ફટાકડા સંબંધમાં માર્ગદર્શક સૂચનાઓ આપવામાં આવેલ છે. નામ. સુપ્રિમ કોર્ટના ઉક્ત આદેશ અન્વયે ગૃહ વિભાગ, ગુજરાત સરકાર, ગાંધીનગરના વંચાણ-(૧)ના પરિપત્રથી તહેવારો દરમિયાન જાહેરમાં ફટાકડા ફોડવા સંબંધમાં જરૂરી સૂચનાઓ બહાર પાડવામાં આવેલ છે. નામ. ગુજરાત હાઈકોર્ટ સમક્ષની રીટ પીટીશન(PIL) નં.૨૫૩/૨૦૧૬ કેસમાં નામ. કોર્ટના તા.૧૩/૦૧/૨૦૨૩ ના આદેશ અનુસાર પતંગ ઉડાડવા/ચગાવવાના હેતુથી ચાયનીઝ તુક્કલ/લેન્ટર્ન તથા ચાયનીઝ માંઝા, ગ્લાસ કોટેડ દોરી થ્રેડ, સિન્થેટીક કોટીંગ સાથેની પ્લાસ્ટીક દોરી, નાયલોન થ્રેડ દોરીનું ઉત્પાદન, વેચાણ, સંગ્રહ પર પ્રતિબંધ મુકવામાં આવેલ છે. જે અન્વયે ગૃહ વિભાગ, ગુજરાત સરકાર, ગાંધીનગર દ્વારા વંચાણ-(૨)ના પરિપત્રથી ઉપરોક્ત પ્રતિબંધિત સાધનસામગ્રીના ઉત્પાદન, વેચાણ અને સંગ્રહ કરવા પર દિવાળીના તહેવાર દરમિયાન શરદ પૂર્ણિમાથી દેવદિવાળી સુધી પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું બહાર પાડવા સૂચના આપવામાં આવેલ છે.

જે મુજબ જિલ્લામાં ફટાકડાના ખરીદ, વેચાણ તથા ઉપયોગ ઉપર નિયંત્રણ મુકવા જાહેરનામું બહાર પાડવું આવશ્યક જણાય છે.

આથી હું સી.કે.ઉધાડ(જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, નર્મદા-રાજપીપળા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ - ૧૬૩ તથા વંચાણ-(૩)થી મને મળેલ સત્તાની રૂએ નર્મદા જિલ્લાના સમગ્ર વિસ્તારમાં નીચે મુજબના કૃત્યોનું ચુસ્તપણે પાલન કરવા માટે ફરમાવું છું.

-: ફરમાવ્યો :-

(૧) કોઈપણ પ્રકારના સ્કાય લેન્ટર્ન (ચાઈનીઝ તુક્કલ/આતશબાજ બલુન)નું ઉત્પાદન, વેચાણ તથા સંગ્રહ કરી શકાશે નહીં તેમજ કોઈપણ સ્થળે ઉડાડી શકશે નહીં.

(૨) તમામ ઈ-કોમર્સ વેબસાઈટને ઓનલાઈન તમામ પ્રકારના સ્કાય લેન્ટર્ન/ફટાકડાના વેચાણ પર પ્રતિબંધ રહેશે.

(૩) નામ. સુપ્રિમ કોર્ટ દ્વારા ગ્રીન તથા માન્યતા પ્રાપ્ત ફટાકડા કે જે ઓછા એમિશન ઉત્પન્ન કરે છે તેના ઉત્પાદન અને વેચાણની પરવાનગી આપવામાં આવેલ છે. આ સિવાયના તમામ પ્રકારના ફટાકડાના ઉત્પાદન અને વેચાણ પર પ્રતિબંધ રહેશે.

(૪) ભારે ધોંઘાટવાળા ફટાકડા સ્વાસ્થ્ય માટે ખૂબ જ હાનિકારક હોવાથી તથા વધુ પ્રમાણમાં હવાનું પ્રદૂષણ અને ઘન કચરો પેદા કરતા બાંધેલા ફટાકડા (Joint firecrackers, series of crackers or Lairs) પર પ્રતિબંધ રહેશે.

(૫) ગ્રીન ક્રેકર્સના નામે પ્રતિબંધિત ફટાકડાનું ઉત્પાદન, વેચાણ અને ઉપયોગ થઈ શકશે નહીં.

(૬) ફટાકડાનું વેચાણ માત્ર લાયસન્સધારક વેપારીઓ દ્વારા કરવાનું રહેશે. આ વેપારીઓએ નામ. સુપ્રિમ કોર્ટના તા.૨૩/૧૦/૨૦૧૮ ના આદેશ મુજબ પરવાનગી આપવામાં આવેલ ફટાકડાઓનું જ વેચાણ કરવાનું રહેશે.

(૭) ફટાકડા બનાવવા માટે બેરીયમના ઉપયોગ પર પ્રતિબંધ રહેશે.

(૮) દિવાળી તથા અન્ય તહેવારો કે જેમાં ફટાકડા ફોડવામાં આવે છે તેમાં ફટાકડા રાત્રિના ૦૮:૦૦ કલાકથી ૧૦:૦૦ કલાક સુધી જ ફોડી શકાશે.

(૯) હાનિકારક ધ્વનિ પ્રદુષણ રોકવા માટે માત્ર PESO દ્વારા અધિકૃત બનાવટવાળા અને માન્ય ધ્વનિ સ્તર (Decibel level)વાળા જ ફટાકડા વેચી/વાપરી શકાશે. PESO દ્વારા એવા અધિકૃત/માન્ય ફટાકડાના દરેક બોક્સ ઉપર “PESO” ની સૂચના પ્રમાણેનું માર્કીંગ હોવું જરૂરી છે.

(૧૦) હોસ્પિટલ, નર્સિંગ હોમ, આરોગ્ય કેન્દ્રો, શૈક્ષણિક સંસ્થાઓ, ન્યાયાલયો, ધાર્મિક સ્થળોની ૧૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારને સાયલન્ટ ઝોન તરીકે ગણવામાં આવશે અને ત્યાં કોઇ પણ પ્રકારના ફટાકડા ફોડી શકાશે નહીં.

(૧૧) કોઇ પણ પ્રકારના વિદેશી ફટાકડા આયાત કરી શકાશે નહીં રાખી શકાશે નહીં કે વેચાણ કરી શકાશે નહીં.

(૧૨) લોકોને અગવડ ઉભી ન થાય અને કોઈપણ ભયજનક પરિસ્થિતિનું નિર્માણ ન થાય તે માટે નર્મદા જીલ્લાના બજારો, શેરીઓ, ગલીઓ, જાહેર રસ્તાઓ, પેટ્રોલ પંપ, એલ.પી.જી, બોટલીંગ પ્લાન્ટ, એલ.પી.જી ગેસના સ્ટોરેજ અન્ય સળગી ઉઠે તેવા પદાર્થોને સંગ્રહ કરેલા ગોદામો તથા હવાઈ મથકની નજીક ફટાકડા કે દારૂખાનું ફોડી શકશે નહીં.

// વિસ્તાર //

આ જાહેરનામું નર્મદા જિલ્લા સમગ્ર વિસ્તારમાં લાગુ પડશે.

// અમલવારીનો સમય //

આ જાહેરનામાની અમલવારી જાહેરનામાની તારીખથી તા. ૦૫/૧૧/૨૦૨૫ (દેવદિવાળી) સુધી કરવાની રહેશે.

// શિક્ષા //

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ - ૨૨૩ ની જોગવાઈઓ મુજબ શિક્ષાને પાત્ર થશે. આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરુદ્ધ ફરિયાદ દાખલ કરવા માટે નર્મદા જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરી પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

નર્મદા-રાજપીપળા, તા.૦૯-૧૦-૨૦૨૫.

સી.કે.ઉધાડ
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
નર્મદા-રાજપીપળા

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2025.10.15 17:59:52 IST